PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૦/ક્વા–૦૩/૧૬–૧૭/ ૮૬૪ તા. 30/01/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નિલેશભાઈ ભીમજીભાઈ વાડોદરીયા,
(કપિલ એન્ટરપ્રાઇઝ),
યમુના ઈન્ડ. એરીયા,
સિગ્મા મેટલ ની બાજુમા, ઓમ કાસ્ટ ની બાજુમા
પટેલ પાનવાળી શેરી, ગોંડલ રોડ,
વાવડી
રાજકોટ
મો: ૯૭૮૯ ૮૭૮૧૮ / ૮૮૬૬૦ ૫૩૭૮૩

વિષય :–પાવર સપ્લાય બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૮–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૦/ક્વા–૦૩/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 04/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૦/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૭–૦૧–૧૭ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: નિલેશભાઈ ભીમજીભાઈ વાડોદરીયા,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : પાવર સપ્લાય બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના, '' વાવડી ગામ ખાતે ના – પુનમ ડમ્પર પાછળ ના – યમુના ઈન્ડસ્ટ્રીઝ એરીયા મા આવેલ – સીગ્મા મેટલકાસ્ટની બાજુના – કપીલ એન્ટરપ્રાઇઝ વાળા '' ઓર્દ્યોગીક વીજજોડાણ મા છેલ્લા ઘણા સમય થી, સતત વીજભાર ઘટ નો પ્રશ્ન રહેલ છે. આવા કારણોસર, તેઓ શ્રી ના જોડાણ ની ઉત્પાદન ની મશીનરી ને ક્ષતિ પહોચે છે, અને આર્થિક નુકશાની પણ આવે છે. આ જોડાણ ને વીજપુરવઠો આપતા ટ્રાન્સફોર્મર તેમજ, અર્થિંગ,ફયુઝ,જમ્પર વગેરે તમામ બાબતો નુ સમારકામ પણ અત્યંત જરૂરી છે. આમ, તેઓ શ્રી ના જોડાણ ને ગુણવતાયુક્ત પુરવઠો મળે તે માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના, '' વાવડી ગામ ખાતે ના – પુનમ ડમ્પર પાછળ ના – યમુના ઈન્ડસ્ટ્રીઝ એરીયા મા આવેલ – સીગ્મા મેટલકાસ્ટની બાજુના – કપીલ એન્ટરપ્રાઇઝ વાળા'' ઓર્દ્યોગીક વીજજોડાણ મા રહેતા, કાયમી ધોરણેના સતત વીજભાર ઘટ ના પ્રશ્ન ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, તા.૦૭–૦૧–૧૭ ના રોજ સ્થળ પર ઉપસ્થિત રહીને, સદર બાબતે ના કારણોસર નુ, હૈયાત એવુ ઓછી ક્ષમતા નુ ટ્રાન્સફોર્મર બદલાવી, અને સદર સ્થળ ના જોડાયેલ વીજભાર ની સામે યોગ્ય ક્ષમતા નુ નવુ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની કાર્યવાહી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ થયેલ છે. આમ થતા, અરજદાર શ્રી ના જોડાણ મા હવે, વોલ્ટેજ ઘટનો પ્રશ્ન નહિવત થયેલ છે. જે, અરજદાર શ્રી એ, તેમના તા.૦૭–૦૧–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંતોષજનક રીતે માન્ય રાખેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે ની નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત ની તમામ કાર્યવાહી, જે તા.૦૭–૦૧–૧૭ ના રોજ પૂર્ણ કરી આપતા, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૦૭–૦૧–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

મુદદા નં.–૪ :

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના તા.૦૭–૦૧–૧૭ ના લેખીત સંમંતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..